**એ.પી.પી.શ્રીની વીડ્રો પુરસીસના આધારે આંક:૧ લગત હુકમ**

વિધ્વાન એ.પી.પી.શ્રી પી.ડી.પંડયા ની પુરસીસ વંચાણે લીધી તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદના તા.૧૨/૧૧/૨૨ નો પત્ર હુકમ નં.ડીસી/એડીએમ/મેટ્રો કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટકેસપરત/૨૦૨૨ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્ર થી જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદને આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીગ રહેલ છે. વધુમાં, આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરું છું.

**::: હુ ક મ :::**

આથી ક્રિમી.પ્રો.કોડ કલમ:૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પીશ્રીને આ કેસ પરત ખેંચવા પુરસીસ આપી આ કેસ વીડ્રોથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનાઓમાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

**મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

૧. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.
રોકડ જામીનગીરી જો જમા હોય તો ફોરફીટ કરી સરકાર જમા કરાવવી.

૨. મુદ્દામાલ રોકડ રકમ જમા હોય તો જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કોઈ વાહન કબજે કરેલ હોય અને તે અંગે અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી. બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨

અમદાવાદ.

(કુ. શબાના અબ્દુલકાદર મન્સુરી)
એડી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૭
અમદાવાદ. જજ કોડ નં.જી.જે.૦૧૦૨૪